ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૫-૨૦૧૩, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### સ્વચ્છતા ત્યાં પ્રભુતા : રાજધાનીની કાયા કંચન જેવી હોઇ જોઇએ

ગુજરાતના પાટનગર તરીકે વિકસાવાયેલ ગાંધીનગર વિશે જનસાધારણના મનમાં દેખીતી રીતે જ ઘણા ઊંચા ખ્યાલો રહેતા આવ્યા છે. ચંડીગઢ પૅટર્ન પર આયોજિત પાટનગરને સમયની સાથે તમામ મોટા શહેરોમાં વ્યાપેલો ઝૂંપડપટ્ટીનો અને ગંદકીનો ચેપ લાગુ પડ્યો છે. ધૂળિયાં ગામડાં અને હરિયાળાં ખેતરો ભાંગીને બનાવાયેલી ગરવી ગુર્જરનગરી કયારેક એશિયાના 'ગ્રીન સિટી'નો દરજ્જો ભોગવતી હતી. વિકાસના નામે કપાયેલાં જંગલો અને સરજાયેલાં સિમેન્ટ કોક્રીંટનાં જંગલો તથા બાબરા ભૂતની જેમ રાતોરાત પહોળાને પહોળા થતા જતા જાહેર માર્ગોને કારણે પાટનગર એની હરિયાળી ગુમાવતું રહ્યું છે. આટલું ઓછું હોય એમ સેકટરોમાં ગંદકીના ઢગ ખડકાતા રહ્યા છે. નગરપાલિકા તો ઘણી મોડી મળી અને મળી તે પણ રાજયસરકારની ઈચ્છા વિરુદ્ધ હાઈકોર્ટના હુકમ થકી, પરંતુ નોટીફાઈડ એરિયા તરીકે એજંસીએ પણ નગરની સ્વચ્છતાના મુદ્દે કોઈ નોંધપાત્ર કામગીરી નથી કરી. ફકત 'કાગળિયે કહોળ' વાળી વૃત્તિ જ હાવી થતી દેખાતી રહી છે. કોર્ટના આદેશાનુસાર અનિચ્છાએ મહાનગરપાલિકા મંજૂર કરતી વેળાએ વર્તમાન મુખ્યમંત્રીએ ઉચ્ચારેલા શબ્દો યાદ કરો : 'અત્યાર લગી ગામનો કચરો વાળવાનું કામ અમે કરતા હતા, હવે એની જવાબદારી કોર્પોરેશનની રહેશે.' ભલે થોડા અણગમા સાથે બોલાયેલાં વેણ લાગે, પરંતુ ગામનો કચરો વાળવાની જવાબદારી પણ કોની નાનીસૂની જવાબદારી તો નથી જ. મહાનગરપાલિકાના નવા વરાયેલા સ્ટૅન્ડિંગ કમિટીના ચૅરમેન સુયોગ્ય પરામર્શન પછી 'સ્વચ્છતા નગર અભિયાન'ના અમલ માટે પાયલોટ પ્રોજેકટ અન્વયે સેકટર-૨, સેકટર-૧૩, સેકટર-૩૦ અને પાલજ પર પસંદગી ઉતારી છે. આ પૈકી સેકટર-૨ને ડસ્ટ ફ્રી ઝોન બનાવવાની ઝુંબેશ હાથ ધરાઈ છે જેમાં નગરવાસીઓએ પણ ઉમળકાભેર લોકફાળો નોંધાવી મનપાના શુભ સંકલ્પમાં સૂર પુરાવી શ્રીગણેશ કર્યા છે. આગામી દિવસોમાં આ ઝુંબેશની અસર દેખાવા લાગશે ત્યારે નગરજનોને પોતે એક સ્વચ્છ નગરમાં રહેતા હોવાનો અહેસાસ થશે. દૂરંદેશી ધરાવતા નવા કાર્યવાહકે તથાકથિત વીવીઆઈપી સેકટરોને બાજુએ મૂકી જ્યાં વિશેષ વસતિ છે, મધ્યમવર્ગ અને નીચલા વર્ગના નાગરિકો વસે છે અને જ્યાં ગંદકીનું પ્રમાણ સૌથી વધારે જોવા મળે છે એવા વિસ્તારો પસંદ કરી એમની ન્યાયપ્રિયતાનો પુરાવો આપ્યો છે. ગંદકીના ઢગ ખડકાયેલા જોઈ ગાંધીનગરની મુલાકાતે આવતા બહારના મુલાકાતીઓ રાજધાની વિશે હલકો અભિપ્રાય લઈને જાય, એ પહેલાં પાણી પહેલાં પાળ બાંધવી જરૂરી હતી. પાટનગરમાં આ સ્વચ્છતા અભિયાન નિરંતર ચાલુ રહે એવી અપેક્ષા અસ્થાને નહીં જ ગણાય. અત્યારે તો 'ગ્રાઉન્ડ રિયાલિટી' એવી છે કે સેકટર-૧૯ જેવા વીઆઈપી ક્ષેત્રમાં પણ ધૂળ-કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. પગરસ્તા પર તો ચાલી શકાય એવી સ્થિતિ જ નથી રહી. મચ્છરોનાં ઉછેરકેન્દ્રો બની રહેલા ઉકરડા જો ઓગણીસ જેવા કહેવાતા વીઆઈપી સેકટરમાં અકબંધ પડી રહેતા હોય તો બીજા સેકટરોની કેવી દશા હશે તે કલ્પી શકાય એમ છે. જેમ વીઆઈપી સુરક્ષા પાછળ મોટાભાગનો પોલીસ સ્ટાફ વીંટળાઈ રહેતો હોય છે એમ મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓના બંગલા પાછળ જ નોટીફાઈડનો સ્ટાફ અને સફાઈ કામદારો ભરાઈ રહેતા હતા. મહાનગરપાલિકાની મર્યાદા આપણે જાણીએ છીએ. પાટનગરની વસતિ એક લાખની હતી ત્યારે સફાઈ કામદારો વગેરેની જે સંખ્યા હતી એ જ સંખ્યા આજે વિકસિત ત્રણ-સાડાત્રણ લાખની વસતિને જ પહોંચી વળી શકે. પરંતુ રાજધાની તરીકે ગાંધીનગરને ચોખ્ખી ચણાક રહેવાનો જન્મસિદ્ધ અધિકાર છે. સ્વચ્છ ગાંધીનગર અભિયાન અન્વયે શૌચાલયોની ખૂટતી કડી પણ ઉમેરાશે તો સોનામાં સુગંધ ભળી લેખાશે. અત્યારે તો ફૂટપાથો જ શૌચાલયોની ગરજ સારતાં ગંધાઈ ઊઠે છે, તે કહેવાની જરૂર ખરી?

### ધોરણ-૧૨ સાયન્સ ચોથા સેમેસ્ટરની પરીક્ષામાં

# ગેરહાજર રહેલા વિદ્યાર્થીને પૂરક પરીક્ષા આપવી પડશે

### શિક્ષણ બોર્ડે સ્પષ્ટ સૂચના આપ્યા બાદ ૫૬૨ વિદ્યાર્થીને પુરક પરીક્ષા આપવી પડશે : નવી જ સૂચના જારી કરાઈ

અમદાવાદ, તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૩માં લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ચોથા સેમેસ્ટરની પરીક્ષા જે વિદ્યાર્થીઓ માટે બોર્ડે નવી સુચના જાહેર કરી છે. જે મુજબ અન્ય ત્રણ સેમેસ્ટરોના મળીને ૧૩૨ ગુણ થઈ છતાં ચોથા સેમેસ્ટરની પરીક્ષામાં ગેરહાજર રહ્યા હોય તેવા વિદ્યાર્થીઓ ફરજીયાત પુરક પરીક્ષા આપવી પડશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યના ૫૬૨ જેટલા વિદ્યાર્થીઓને ત્રણ સેમેસ્ટરની પરીક્ષામાં જે તે વિષયમાં ૧૩૨ ગુણ થયા હોવા છતાં બોર્ડ દ્વારા તેમનું પરીણામ અટકાવાયું છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં દરેક વિષયમાં ચારેય સેમેસ્ટરની પરીક્ષાનો સરવાળો ૧૩૨ ગુણ થતો હોય તેવા વિદ્યાર્થીઓને પાસ જાહેર કરવામાં આવે છે. જોકે પ્રથમ ત્રણ સેમેસ્ટરની પરીક્ષાના માર્કનો સરવાળો ૧૩૨ થઈ જતા હોય તેમ છતાં તેમને ફરજીયાત પુરક પરીક્ષા આપવી પડશે. તેમ શિક્ષણ બોર્ડે એક યાદીમાં જણાવ્યું હતું. બોર્ડ સમક્ષ કેટલીક સ્કુલો અને વાલીઓ તરફથી મળેલી રજુઆત મુજબ વિદ્યાર્થીઓમાં ગેરસમજ હતી કે, કોઈ એક સેમેસ્ટરના કોઈ વિષયની પરીક્ષામાં વિદ્યાર્થી ઘેરહાજર રહ્યો હોવા છતાં તે વિષયના બાકીના સેમેસ્ટરની પરીક્ષામાં મેળવેલા ગુણનો સરવાળો ૧૩૨ થઈ જતો હોય તે જેતે સેમેસ્ટરના ગેરહાજર વિષયની પુરક પરીક્ષા આપવાની રહેતી નથી. જેથી બોર્ડે સ્પષ્ટતા કરવી પડી આવા વિદ્યાર્થીઓએ ગેરહાજર રહેલા વિષયની પુરક પરીક્ષા ફરજીયાત આપવી પડશે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા સ્પષ્ટતા કરતા જણાવાયું હતું કે, ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના પ્રથમ, દ્વિતીય, તૃતિય અને ચોથા સેમેસ્ટરમાં કોઈ વિષય કે વિષયોમાં ગેરહાજર હોય તો તેવા વિદ્યાર્થીએ ફરજીયાત પુરક પરીક્ષા આપવાની રહેશે અને જેતે વિદ્યાર્થીએ પુરક પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે તેનું ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ તૈયાર કરવામાં આવશે. આ માટે જે વિદ્યાર્થીઓ પ્રથમ અને દ્વિતીય સેમેસ્ટરમાં અભ્યાસ કર્યો હોય અને વ્યાજબી કારણોસર કોઈ વિષયની પરીક્ષા આપી ન શકયા હોય તેવા વિદ્યાર્થીઓએ તેમના ચાલુ અભ્યાસની સાથે જ ત્યારપછીના વર્ષે જેતે સેમેસ્ટરની પુરા પરીક્ષા આપી શકશે. જ્યારે ધોરણ-૧૨ના ત્રીજા અને ચોથા સેમેસ્ટરમાં ઘેરહાજર રહ્યા હોય તેવા વિદ્યાર્થીએ જુન-જુલાઈમાં લેવામાં આવતી પુરક પરીક્ષા આપવાની રહેશે. ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષામાં ૫૬૨ જેટલા વિદ્યાર્થીઓ એવા છે કે, જેમને તમામ વિષયોમાં માર્ક ૧૬૨ થઈ જતાં હોવા છતાં કોઈ એક સેમેસ્ટરની પરીક્ષામાં ઉપસ્થિત ન રહી શકવાના કારણે બોર્ડ દ્વારા પરિણામ અટકાવવામાં આવ્યા છે.

### પ્રેરણા વિદ્યાલયમાં ત્રીજીથી યોગાસન તાલીમ વર્ગ

ગાંધીનગર, તા. ૨૯

આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સ્વામી વિવેકાનંદ યોગાવેલનેસ સેન્ટર ગાંધીનગર દ્વારા તા. ૩ જૂનથી ૧૫ જૂન દરમ્યાન સાંજે ૫.૩૦ થી ૭.૦૦ દરમ્યાન પ્રેરણા વિદ્યાલય સેકટર-૫ ખાતે યોગાસનના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રેરણા વિદ્યાલય પર નિયમિત રીતે ચાલનારા આયોગ સેન્ટર ખાતે યોગ્ય જીવન પદ્ધતિ માટે યોગાસન, પ્રાણાયામ, ધ્યાન મુદ્રા, પ્રાકૃતિક ચિકિત્સા તથા એક્યુપ્રેશના માધ્યમથી માર્ગદર્શન આપવામાં આવશે. લાભ લેવા ઈચ્છતા ભાઈઓ તથા બહેનોએ પ્રેરણા વિદ્યાલયનો સવારે સંપર્ક કરવો. મોબાઈલ : ૯૪૫૧૮૦૦૯૧૩.

## આજે સીબીએસઈનું ધોરણ-૧૦નું પરિણામ

નવી દિલ્હી,તા. ૨૯

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસઈ) ધોરણ ૧૦નું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. પરિણામને લઈને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્તેજના અને ઉત્સુકતા દેખાઈ રહી છે. સીબીએસઈ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે સીબીએસઈ ધોરણ ૧૦નું પરિણામ આવતીકાલે સવારે ૧૦ વાગે જારી કરવામાં આવશે. સ્કૂલ ડબલ્યુડબલ્યુડબલ્યુ.રિઝલ્ટ.નિક ડોટ ઈન અને અન્ય વેબસાઈટો પરથી પરિણામ મેળવી શકાશે. આ વેબસાઈટ ઉપર સ્કૂલ કોડ અને ઈમેઈલ આઈડી ઉમેરીને સમગ્ર પરિણામ મેળવી શકાશે. વિદ્યાર્થીઓ દિલ્હી માટે ૨૪૩૦૦૬૯૯૯ અને ૦૧૧-૨૪૩૦૦૬૯૯ પર દેશના અન્ય ભાગોથી ફોન કરીને પરિણામ અંગે માહિતી મેળવી શકાશે. આ નંબર ઉપર કોલ કરીને વિદ્યાર્થીઓ તેમના પરિણામને મેળવી શકશે. નિવેદનમાં જણાવામાં આવ્યું છે કે એમએમએસ સેવા મારફતે પણ પરિણામ મેળવી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ચેન્નાઈ ક્ષેત્રનું ધોરણ ૧૦નું પરિણામ ૨૯મી મેના દિવસે જાહેર કરવામાં આવી ચૂક્યું છે. હવે આવતીકાલે જાહેર થનાર પરિણામોને લઈને વાલીઓ અને વિદ્યાર્થીઓ રાહ જોઈ રહ્યા છે. લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમની કારકીર્દીના મહત્વના પરિણામની રાહ જોઈ રહ્યા છે.



આધુનિક દોડતા યુગમાં જ્યારે સંબંધોની ભીનાશ ઑગળી રહી છે ત્યારે રણમાં મીઠી વીરડી જેવા પ્રસંગો પણ જોવા મળે છે. પ્રસ્તુત તસવીર આ બાબતની સાબિતી છે. સૅક્ટર-૧૪ ખાતે રહેતા ગજરાબેન-રઘુનાથજી રાઠોડના પરિવારની આ તસવીર છે. પ્રસંગ છે ગજરાબેન-રઘુનાથજીનાં લગ્નની પચાસમી વર્ષગાંઠની ઉજવણીનો. માતા-પિતાનાં લગ્નની વર્ષગાંઠ પુત્ર ભરતભાઈ, કિરણભાઈ અને પુત્રી પારૂલબેન તથા પરિવાર ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવી ત્યારે આ વરિષ્ટ યુગલની આંખો ભરાઈ આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

### આર્ટ લવર્સ દ્વારા પાંચમી જૂને નાટક પરણે તે પત્નીને શરણે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરની સાંસ્કૃતિ સંસ્થા આર્ટ લવર્સ દ્વારા તા. ૫મી જૂનથી ગાંધીનગર ટાઉન હોલ ખાતે મુંબઈનું ખૂબ જ લોકપ્રિય અને વખણાયેલું નાટક પરણે તે પત્નીને શરણે યોજાઈ રહ્યું છે. આર્ટ લવર્સના પ્રમુખ ગનીભાઈ વડિયાએ જણાવ્યું છે કે સભ્યો માટે યોજાઈ રહેલા આ નાટકના પાસ આમંત્રણ અંગે જો કોઈ પૂછપરછ કે મુશ્કેલી હોય તો ગનીભાઈ વડિયાને સંપર્ક કરવા જણાવેલ છે.

### પ્રવેશના મુદ્દે જીએલએસ દ્વારા યુનિવર્સિટીને નોટિસ

અમદાવાદ, તા.૨૯

ગુજરાત યુનિ.માં બીબીએ અને બીસીએ કોલેજોની બેઠકો ઉપર પ્રવેશ મુદ્દે જીએલએસ સામે આક્ષેપો કરવા બદલ ગુજરાત યુનિવર્સિટીને નોટિસ પાઠવી જીએલએસે એક નવા જ વિવાદનો મધપૂડો છેડ્યો છે. ગુજરાત યુનિ.સંલગ્ન બીબીએ અને બીસીએ કોલેજોની બેઠકો કેન્દ્રિય પ્રવેશ પદ્ધતિ પ્રમાણે ભરાતી હતી. જો કે યુનિ.વિવાદાસ્પદ કુલપતિ આદેશપાલે આ બેઠકોમાં કેન્દ્રિય પ્રવેશ સમિતી મુજબ ભરવાની બંધ કરીને કોલેજોને મેનેજમેન્ટ ક્વોટાથી ભરવા માટે મંજુરી આપી હતી.

## કૈલાસ-માન સરોવર યાત્રાએ જતા યાત્રિકોનો શુભેચ્છા સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

કૈલાસ માનસરોવર સેવા સમિતિ દ્વારા કૈલાસ માનસરોવરની યાત્રાએ જનાર યાત્રીઓનો શુભેચ્છા સમારોહનું આયોજન તા. ૨ જી જૂન રવિવારના રોજ સાંજે ૪ થી ૭ દરમિયાન વૈજનાથ મહાદેવ મંદિર ખાતે કરવામાં આવ્યું છે. સમિતિના દરેક સભ્યોએ હાજર રહેવું. કૈલાસ માનસરોવર યાત્રાએ જનાર યાત્રાળુઓ માટે મેડિકલ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે. દરેક કુટુંબમાંથી કેટલા સભ્યો હાજર રહેશે તેની જાણ તા. ૩૧મે ૨૦૧૩ પહેલા ક્રિષ્ણકુમાર રાણા (૯૪૨૭૪ ૧૯૦૧૨) અને વિપિનભાઈ પંડ્યા (૯૪૨૬૬ ૧૪૯૧૦)ને કરવાની રહેશે.

## સ્વ. રમજાન મોલવીના પરિવારને આર્થિક સહાય કરવા અનુરોધ

ગાંધીનગર, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લામાં પત્રકાર તરીકે નામના મેળવેલ રમઝાનભાઈ મૌલવીનું તા. ૧૦મે ૨૦૧૩ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

બનાસકાંઠા પત્રકાર જગતને તેમના નિધનથી ન પુરાય તેવી ખોટ પડી છે.

અનુભવી ઈમાનદાર લેખક અને પત્રકાર ગુજરાતે ગુમાવ્યા છે. તેમણે પોતાના જીવનના ૫૦ વર્ષ પત્રકારિત્વ કર્યું છે. તેમના પાછળ તેઓ સાત સંતાનોને વિલાપ કરતા છોડી ગયા છે. જેમાંથી ૫ દિકરીઓ પરણાવાલાયક કુંવારી બેઠી છે. રમઝાનભાઈ ઘણા ઈમાનદાર, ખુદ્દાર, જીવદયા તેમજ ભોળા સ્વભાવના હતા. તેમના અવસાન પછી કુટુંબ ઉપર આભ તુટી પડ્યું છે. આખુ પરિવાર આર્થિક રીતે પાયમાલ વચ્ચે રમઝાનભાઈના પરિવારને આર્થિક સહાય કરવા ઈચ્છુક ભાઈ બહેનોએ ઈમરાન રમઝાનભાઈ મોલવીના બેન્ક એકાઉન્ટ નંબર ૩૧૯૧૧૩૯૪૧૯૩ પર રકમ મોકલી શકો છો. આમ આર્થિક રીતે તૂટેલા પરિવારને મદદરૂપ થવા અનુરોધ કરવામાં આવે છે.

# લાલાકાકાની એક ખૂબી છે... એ સામેવાળાને ત્રાસ આપીનેય બીજાને દુઃખી કરીને ય પોતે તો કવિ દાન અલગારીનું ભજન 'મોજમાં રે'વું... મોજમાં રે'વું... મોજથી ગાતા રહેતા હોય છે!!

### ''ભાઈ, મિત્રોને સારી સસ્તી કેરી ખવડાવવી એ તો અંમારી ફરજ છે...'' કાકાએ જાણે દરેક સીઝનમાં એમના તરફથી કેરીનું એક 'બોક્સ' અમને મફતમાં મોકલાવતા હોય એવા અંદાજમાં મિત્રધર્મની વાત કરી...

### ગુરૂવારની ગપસપ

- પ્રકાશ લાલા

''પનુભાઇ, ઘરમાં છો કે નહીં યાર?'' એવી એમની રાબેતા મુજબની હાઇવોલ્યુમ પીપ... પીપ... બજાવતી લાલાકાકાની સવારી અમારા આંગણે સવારના પોરમાં આવી પહોંચી.

રવિવાર હોવાથી અમે 'હોલીડે મૂડ' મનાવતા મોડા ઊઠ્યા હતા... હજી હમણાં જ પથારી ત્યાગ કર્યો હોવાથી નિદ્રા દેવીનો પ્રભાવ હજી પૂરેપૂરો ઓસર્યો નહોતો... ત્યાં જ રેડ અંકલ આવ્યા એટલે અમને મોજ ના પડી પણ પારકાની મોજ - અ-મોજની પરવા ન કરવી એ તો લાલાકાકાનો જન્મસિદ્ધ મંત્ર છે... એટલે સામેવાળાને ત્રાસ આપીનેય પોતે 'મોજમાં રે'વું.. મોજમાં રે'વું...' એ કવિ દાન અલગારીનું ભજન લલકારતાં રહેતા અંકલને અમારા 'મૂડ'ની શી પરવા હોય!

એમની પીપ... પીપ... સાંભળી અમે જરા 'ફ્રેશ' થઇને ઓટલો આવ્યા ત્યારે લાલાકાકા ગણપતિજીની જેમ હિંચકા પાટે ગોઠવાઇ ગયા હતા અને અમારા છાપાનો કબજો જમાવી દીધો હતો.

''આવો અંકલ... ગુડ મોર્નિંગ'' અમે કહ્યું.

''પનુભાઇ, અમે તો આવી જ ગયા છીએ... પણ તમે ચાલો!''

''ચાલો? કયાં?'' સવારના પોરમાં અંકલનું 'ચાલો' સાંભળી અમે ચમક્યાં : ''કાકા, કયાં જવાનું છે?''

''કયાં તે કેરીઓ લેવા!''

''હેં?''

''હેં નહીં, પનુભાઇ, હા..''

''પણ!''

''પણ.. પણ ના કરો યાર. પેલા પટેલને ત્યાં તલાલાથી કેસર કેરીઓનો ટ્રક આવ્યો છે તે લઇ આવીએ...''

પટેલભાઇ એટલે અમારી ચોકઠા પરિષદના કાયમી સભ્ય. એ આપણા અંગત મિત્ર કહેવાય માની લાલાકાકા મફતમાં નહીં તો સાવ સસ્તામાં કેરીઓ લાવવાની ફિરાકમાં છે અને એટલે ઉતાવળ કરે છે એમ અમને લાગ્યું...

એટલે અમે બોલ્યા : ''અંકલ, હું જરા તૈયાર થઇ જાઉં...'' ''પનુભાઇ, આપણે છે તે કેસર કેરી લેવા જવાનું છે... કેટરિના કેફને મળવા નહીં... એટલે તૈયાર બૈયાર પછી થજો... પહેલા ચાલો...''

અંકલની કોમેન્ટથી અમને જરા માઠું લાગ્યું એટલે અમે ચૂપ રહ્યા તો લાલાકાકાએ એમનું 'લોજિક' સમજાવ્યું :

''જૂનાગઢ-તલાલાના પટેલના સગાના આંબાવાડિયામાંથી સીધી ટ્રક ભરાઇને આવી છે... આવી કેરી સારી - ખાતરીવાળી ને વેપારી નફો ચઢ્યા વિનાની સસ્તી હોય એટલે લોકો ખરીદવા ઉતરી પડશે... આપણે મોડા પડીશું તો કેરીઓને બદલે ઘાસ-પાંદડાં હાથમાં આવશે... માટે ચાલો!!''

''મનુભાઇ, તમારાં 'હોમ મિનિસ્ટર'ને પૂછી જ લીધું છે... અરે, પટેલને ત્યાં ડાયરેકટ માલ આવવાના ન્યૂઝ, તમારી અંકલી... સોરી કાકી મારફત મેં તમારા શ્રીમતીજીને કાલે પહોંચાડ્યા હતા એટલે એમણે મને કહેવડાવી જ દીધું હતું કે અમારી ય કેરીયો લાવવાની છે, ભૂલતાં નહીં... એટલે તો તમને બોલાવવા આવ્યો છું.''

''અચ્છા... તમે બધું બારોબાર જડબેસલાક કરી દીધું છે, એમ ને અંકલ?''

''ભાઇ, મિત્રોને સારી - કેરી ખવડાવવી એ તો અમારી ફરજ છે...'' કાકાએ જાણે એમના તરફથી એક 'બોક્સ' મફતમાં અમને મોકલવાના હોય એ અંદાજમાં 'મિત્ર ધર્મ'ની વાત કરી...

''એ તો છે જ...'' અમારે બીજું કશું બોલવા વારો કયાં હતો.. છતાંય અમે દલીલ કરી : ''એ ખરૂં પણ અંકલ, અમારા ઘર માટે કેટલી કેરી લાવવાની છે તે તો પૂછી લઉં...''

''ચાલીસ કિલો, પનુભાઇ... અંકલ બોલ્યા.''

''શું? ચાલીસ કિલો?''

''ઓછી પડશે? તો ૫૦-૬૦ કિલો લઇશું... નો પ્રોબ્લેમ... પટેલ આપણો જ માણસ છે... પહેલો ચાન્સ આપણને જ આપશે... ચાલો...''

''અરે પણ કાકા, એટલી બધી કેરીઓ અમે કયારે ખાઇશું?''

''ફિકર નોટ, પનુભાઇ... તમારાથી ના ખવાય તો અમને બોલાવી લેજો... અમે પુરી કરી આપીશું... મિત્રોને મદદરૂપ થવા આઇ એમ એવર રેડી... પણ અત્યારે વાતોનાં વડાં કર્યા વગર ચાલો...''

લાલાકાકા જાણે અત્યારે જ કેરીઓ લાવીને ખાઇ નાખવાના હોય એટલી ઉતાવળ કરતા હતા એટલે ના છૂટકે અમારે નાઇટ ડ્રેસમાં જ એમની સાથે જવું પડયું...

રસ્તામાં રેડ અંકલે અમને અમારો સ્વભાવ જાણતા હોવાથી એમની સ્ટ્રેટેજી સમજાવી : ''પનુભાઇ, ભાવ-તાલમાં તમે વચ્ચે ના બોલશો... પટેલને ગામ માટે જે ભાવ લેવો હોય તે લે પણ આપણે તો રોજના બેઠકઉઠખ વાળા... ચોકઠા પરિષદના દોસ્તો... એટલે આપણને તો ખાસ્સું કન્સેશન એણે આપવું જ પડે... હું એ ગોઠવી દઇશ... તમે કંઇ ના બોલશો...''

''ભલે...''

અમારી સવારી પટેલભાઇને ત્યાં પહોંચી ત્યારે લાલાકાકાએ વ્યક્ત કરેલી ચિંતાથી સાવ વિપરીત દશ્ય નજરે પડ્યું. પટેલને ત્યાં 'લોક'ને બદલે 'કોક' રડ્યું ખડ્યું ય આવ્યું ન હતું. અમને અંકલ ઉપર ચીડ ચઢી કે એમણે ખોટી ઉતાવળ કરી. સવારના આટલા વહેલા લોકો થોડા તુટી પડવાના હતા તે દોડી આવ્યા!!

અમે કહ્યું : ''કાકા, અહીં તો કોઇ દેખાતું નથી...''

''દેખાશે... અને પનુભઆઇ, તમારે કેરીઓનું કામ છે કે લોકોનું?''

''પણ અંકલ, તમે તો કહેતા હતા કે...'' ''તમે ઝટ ઉભા ના થાવ એટલે એવું ખોટું કહેવું પડે...'' અમને વચ્ચે જ અટકાવી રેડ અંકલે જણાવ્યું...

''કાકા, કેરીનો ટ્રક કાલ રાતે આવવાનો હતો?'' અમે ઈન્કવાયરી કરી..

''હાં...'' કહી કાકાએ બૂમ પાડી : ''પટેલ... એ પટેલ...''

''કોણ છે?'' કહેતા પટેલભાઇ બહાર આવ્યા... અમને બંનેને જોઇ એ નવાઇ પામ્યા હોય એમ બોલ્યા : ''અરે, તમે? આવો... આવો કાકા.. પનુભાઇ, પધારો... સવારના પોરમાં કંઇ મારે ત્યાં?''

''આવવું જ પડે ને... નહીં તો કેરીઓ વેચાઇ જાય ને અમે લટકી પડીએ.''

લાલાકાકાની વાત સાંભળી પટેલભાઇ બધવાઇ ગયા : ''કાકા... કેરીયો? વેચાઇ જાય? કંઇ સમજાયું નહીં...''

''પટેલ... નાટક રહેવા દે...'' લાલાકાકાએ 'હાઇ વોલ્યુમ'માં પટેલભાઇને કહેવા માંડ્યું : ''તારે અમને સસ્તામાં કેરીઓ ના આપવી પડે એટલે તું કંઇ સમજવા માગતો નથી, ખરૂં ને? અલ્યા, તારે તો અમને આપણા ચોકઠા પરિષદના મારા જેવા બે-ચાર ખાસમખાસ દોસ્તોને તો દસ-દસ કિલો કેસર કેરી સીઝનમાં મફતમાં ખવડાવવી જોઇએ... શું કહો છો, પનુભાઇ?''

''હેં..? હા...'' અંકલે અચાનક અમને લપેટમાં લીધા એટલે અમે જે સૂઝ્યું તે કહ્યું.

''પણ અંકલ, કેરીઓ મારે ત્યાં કયા પાકે છે તે તમને મફતમાં ખવડાવું?'' પટેલે કહ્યું...

''ભલે મફતમાં ના ખવડાવે પણ તારા સગાની જૂનાગઢની વાડીમાંથી ડાયરેક્ટ કેરીઓ તેં વેચવા મંગાવી છે તે એ તો સસ્તા ભાવે આપી શકે ને?'' લાલાકાકાએ એમની વાત ઝૂડયે રાખી...

''એક મિનિટ, લાલાકાકા... તમારી કંઇક ગેરસમજ થાય છે... મારા કોઇ સગા સૌરાષ્ટ્રમાં રહેતા નથી, મારા કોઇ સગાને આંબાવાડિયામાં નથી અને મેં કેરીનો ટ્રક વેચવા મંગાવ્યો નથી..'' પટેલે એક શ્વાસે ખુલ્લો કર્યો...

''પણ?''

''કાકા, મારી વાત ખોટી લાગતી હોય તો ઘરમાં તપાસ કરી લો...'' ''ના...ના... પણ મને સમાચાર મળેલા કે પી.સી. પટેલ એટલે કે તારે ત્યાં કેરીઓ આપવાની છે?'' લાલાકાકાએ કહ્યું...

''કાકા, થોડી ગેરસમજ છે વાતમાં. પી.સી.પટેલ એટલે કે મારે ત્યાં નહીં પણ ત્રીજા ચોકઠામાં રહેતા. પી.પી. પટેલે તલાલા-જૂનાગઢની કેરીઓ ઉતારી છે...'' પટેલભાઇએ વધુ ખુલાસો કર્યો...

''હેં? તો પનુભાઇ, ચાલો ત્યાં...''

''રહેવા દો કાકા... કેમ કે એને ત્યાં ઉતરેલો માલ તો રાતોરાત જ વેચાઇ ગયો છે એટલે તમને ધક્કો પડશે...'' પટેલ બોલ્યા.

''અંકલ, તમને શું? પૂરૂં જાણ્યા વગર જ સવાર સવારમાં દોડાદોડ કરાવી મૂકી!'' અમારાથી બોલાઇ ગયું.

''પનુભાઇ... મારી માહિતી સાવ ખોટી નહોતી... પણ પી.સી.ને પી.પી.માં થોડો ગોટાળો થઇ ગયો...!!'' પછી અચાનક લાલાકાકાએ પટેલની ઉલટ તપાસ આદરી : ''પી.પી.ને ત્યાં કેરીઓ વેચાઇ ગઇ એની તને કયાંથી ખબર, હેં?''

''કાકા, કાલે રાત્રે અગિયાર વાગ્યે હું ય લેવા ગયો હતો ત્યારે મને છેલ્લે પચીસ કિલો મળી... એટલે ખબર...'' પટેલ ભાઇએ ભોળાભાવે જણાવ્યું...

''હં... તો પછી એ ૨૫ કિલોમાંથી મને દસ કિલો આપવી ના જોઇએ! હું વડીલ કેરી વગર રહી જાઉં એ ચાલે?'' રેડ અંકલે પટેલનું ઈમોશનલ બ્લેક મેઈલીંગ શરૂ કર્યું... ''પણ કાકા... આ તો મારા ફેમિલી માટે...''

''તે અમે તારા કંઇ નથી? દસ નહીં તો પાંચ કિલો તો આપવી જ પડશે... જા એની વ્યવસ્થા કર ને ત્યાં સુધી પટેલ, અમારા માટે ચાનું ય કહી દેજો ઘરમાં...'' કહેતા રેડ અંકલે ઓટલે અડિંગો જમાવ્યો.

હવે પટેલભાઇ બિચારા બોલે તો શું બોલે... ને અમે તો લાલાકાકાની આવી યેનકેન પ્રકારે બીજાના ગળે પડવાની 'ટેકનિક' જોઇ જ રહ્યા!!

